Fax : +91-288- 2555853 / 2555966 (O) : 2555155
Email : academic@ayurveduniversity.com

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)

એકેડેમિક વિભાગ

ચાણક્ય ભવન, જામનગર – ૩૬૧૦૦૮.

નં.એકેડે/૧૦૧/૨૦૨૦-૨૧/૦૬ તા.૧૫-૦૪-૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સર્વ સંલગ્ન આયુર્વેદ મહાવિદ્યાલય (આ સાથે લીસ્ટ મુજબ)

વિષય : **BAMS ના વિદ્યાર્થીઓના વેકશન બાબત**
સંદર્ભ : ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાધીનગરના પત્ર નં.જીજી/૨૩/૨૦૨૦/વી-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૧૪-૦૪-૨૦૨૦

મહાશય,

ઉપરોકત વિષય અન્વયે આદેશાનુસાર જણાવવાનું કે, યુનિવર્સિટીના ઓર્ડીનન્સ-૬૧-ડી અનુસાર ઉનાળુ વેકેશન તા.૦૧-૦૫-૨૦૨૦ થી ૩૧-૦૫-૨૦૨૦ સુધી દિવસ-૩૧નું નિયત થયેલ છે. ઉપરોકત સદર્ભમાં દર્શાવેલ સરકારશ્રીના પરિપત્ર મુજબ તેમજ હાલની પરિસ્થિતને ધ્યાને લઇને **બી.એ.એમ.એસ.ના વિદ્યાર્થીઓનું ઉનાળુ વેકેશન તા.૧૫-૦૪-૨૦૨૦ થી તા.૧૬-૦૫-૨૦૨૦ સુધી દિવસ-૩૧નું જાહેર કરવામાં આવે છે.** તે મુજબ દરેક સંલગ્ન આયુર્વેદ કોલેજોના આચાર્યશ્રીઓ દ્વારા કાર્યવાહી કરવાની રહેશે. આ અંગેની જાણ સંબધિત વિદ્યાર્થીઓને અચુકપણે કરવા વિનંતિ છે.

આપનો વિશ્વાસુ
15-4-2020
(એચ. પી. ઝાલા)
ઇ. કુલસચિવ

બિડાણ. ઉપર મુજબ

નકલ રવાના :-

(૧) નિયામકશ્રી, આયુષ (આયુર્વેદ યોગા અને નેચરોપેથી, યુનાની, સિધ્ધા અને હોમિયોપેથી) ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક- નં-૧,બીજો માળ, ગાંધીનગર.
(૨) પી. એસ. ટુ વી. સી. (વેબસાઇટ પર મૂકવાની સૂચના સાથે)
(૩) પી. એ. ટુ રજીસ્ટ્રાર
(૪) પરીક્ષા શાખા
(૫) કોર્ડીનેટરશ્રી, આઇ.સી.એ.એસ. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર

# જાહેરનામું

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા.૧૪.૦૪.૨૦૨૦.

**ક્રમાંક : જીજી/૨૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨**

નોવેલ કોરોના વાયરસ (COVID-19)કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કેટલીક સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩.૦૩.૨૦૨૦ના જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરવામાં આવેલ છે.

૨. The EPIDEMIC DISEASES Act 1897 અને THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ હેઠળ મળેલ સત્તાઓ અન્વયે ગૃહ વિભાગના તા.૨૩.૦૩.૨૦૨૦ના જાહેરનામા ક્ર.જીજી/૨૦/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી તા.૨૩.૦૩.૨૦૨૦ મધ્યરાત્રીથી તા.૩૧.૦૩.૨૦૨૦ મધ્યરાત્રી સુધી સમગ્ર રાજ્યમા લોક ડાઉન જાહેર કરી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓને મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ.

૩. સમગ્ર દેશમાં COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The Disaster Management Act, 2005થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪.૦૩.૨૦૨૦ના હુકમ ક્ર. 40-3/2020-DM-I(A)થી સમગ્ર દેશમાં તા. ૨૫.૦૩.૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ છે.

૪. આ હુકમ સંદર્ભે રાજ્યમાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા. ૨૫.૦૩.૨૦૨૦ થી ૨૧ દિવસ એટલે કે તા. ૧૪.૦૪.૨૦૨૦ સુધી બંધ રાખવા તથા કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાઓનો અમલ કરવા ગૃહ વિભાગના તા.૨૩.૦૩.૨૦૨૦ના જાહેરનામા ક્ર. જીજી/૨૧/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી હુકમ કરવામાં આવેલ છે.

૫. દેશના કેટલાક વિસ્તારોમાં COVID-19ના કેસો તપાસ દરમ્યાન બહાર આવી રહ્યા છે. તેની અસરોને નિયંત્રિત કરવા માટે આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫.૦૪.૨૦૨૦ થી તા.૦૩.૦૫.૨૦૨૦ સુધી મોકુફ રાખવા કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે.

**૬. આથી સમગ્ર રાજ્યમાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫.૦૪.૨૦૨૦ના ૦૦.૦૦ કલાક થી તા.૦૩.૦૫.૨૦૨૦ ના ૨૪.૦૦ કલાક સુધી બંધ રહેશે**.

૭. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો-વખતના હુકમથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓનો તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે. આવશ્યક સેવાઓ અંગે કેન્દ્ર સરકાર દ્વારા વખતો-વખત કરવામાં આવતા હુકમ/માર્ગદર્શિકાઓમાં જણાવેલ બાબતો આખરી રહેશે.

૮. આ જાહેરનામાનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા કરવાનું રહેશે.

૯.     આ જાહેરનામાની જોગવાઇઓ/કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાઓના ઉલ્લંઘન કરનાર વ્યકિત The Disaster Management Act, 2005 તેમજ The Indian Penal Code, 1860ની જોગવાઇઓ હેઠળ કાર્યવાહીને પાત્ર થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ આર. દવે)
ઉપ સચિવ(કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

પ્રતિ,

- પ.સ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

  ૨/- આ બાબતને બહોળી પ્રસિદ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- મેનેજરશ્રી – સરકારી મુદ્રણાલય , સેકટર – ૩૦, ગાંધીનગર

  આ જાહેરનામાની સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધિ કરી તેની ૨૫ નકલો ગૃહ વિભાગ તથા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગને મોકલી આપવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.